અમેરિકાના દક્ષિણ, મધ્યપશ્ચિમ ભાગોમાં ઘાતક વાવાઝોડાઓ

એકનું મોત, વ્યાપક નુકસાન

વાવાઝોડાને પગલે અનેક વંટોળિયાઓ પણ સર્જાયા, તોફાની પવન ફૂંકાયો

અનેક વિસ્તારોમાં પાવર લાઇનો અને વૃક્ષો તૂટી પડ્યા, મકાનોનો છાપરા ઉડી ગયા, ઉત્તર આર્કાન્સાસમાં કાટમાળ હજારો ફૂટ ઉંચે ઉછળ્યો

આગામી દિવસોમાં આ જ વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની અને પૂરની આગાહી

વૉશિંગ્ટન, તા. ૩(એપી): અમેરિકાના દક્ષિણ અને મધ્યપશ્ચિમના વિશાળ ભાગોમાં ઘાતક વાવાઝોડાઓ ફૂંકાયા હતા જેને પરિણામે કેટલાક વંટોળિયાઓ પણ સર્જાયા હતા અને આ તોફાનોમાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું, પાવર લાઈનો અને વૃક્ષો તૂટી પડ્યા હતા તથા અનેક મકાનોના છાપરાઓ ઉડી ગયા હતા.

બુધવારે આર્કાન્સાસ, ઈલિનોઈસ, ઈન્ડિયાના, મિઝોરી અને મિસિસિપીના કેટલાક ભાગોમાં વાવાઝોડા અને તીવ્ર વાવાઝોડાની ચેતવણી જારી કરવામાં આવી હતી જ્યારે કે સાંજે આ રાજ્યો અને અન્ય રાજ્યોમાં વાવાઝોડા આવ્યા હતા. હવામાન આગાહીકર્તાઓએ આ ઘાતક તોફાનો માટે ગરમી, અસ્થિર વાતાવરણ, તીવ્ર પવન ફૂંકાતા પવન અને અખાતમાંથી રાષ્ટ્રના મધ્ય ભાગમાં વિપુલ પ્રમાણમાં ભેજના પ્રવાહનું કારણ આપ્યું હતું. KFVS-TV ના અહેવાલ મુજબ, દક્ષિણપૂર્વ મિઝોરીમાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે ઈન્ડિયાનાપોલિસના ઉપનગરમાં એક વેરહાઉસનો એક ભાગ તૂટી પડ્યો હતો, જેમાં ઓછામાં ઓછો એક વ્યક્તિ હંગામી રીતે અંદર ફસાઈ ગયો હતો. ઉત્તરપૂર્વ આર્કાન્સાસમાં એક જવલ્લે જ જારી કરાય તેવી ટોર્નેડો કટોકટી જારી કરવામાં આવી હતી, જ્યાં કાટમાળ હવામાં હજારો ફૂટ ઉંચે ઉછળ્યો હતો.

આગામી દિવસોમાં દક્ષિણ અને મધ્યપશ્ચિમના ભાગોમાં ઘોડાપૂરની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. લાંબા સમય સુધી ભારે વરસાદ પડવાને કારણે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ શકે છે. ઐતિહાસિક પ્રમાણમાં વરસાદ પડી શકે છે અને તેની અસરો જોવા મળી શકે છે એમ વેધર સર્વિસે આગાહી કરી હતી. ટેકસાસથી લઈને મિન્નેસોટો અને મેઈને સુધીના વિશાળ વિસ્તારમાં ૯ કરોડ કરતા વધુ લોકો તીવ્ર હવામાનના જોખમ હેઠળ છે એ મુજબ ઓકલાહોમા સ્થિત વાવાઝોડા આગાહી કેન્દ્રએ જણાવ્યું હતું.

પુણે અને થાણેમાં મરાઠીમાં વાતચીત ન કરવા બદલ મનસે કાર્યકરોની બે બેંક-મેનેજરો સાથે મારામારી

બેંક-કર્મચારીને થપ્પડ મારવા બદલ એમએનએસ કાર્યકર વિરુદ્ધ ગુનો નોંધાયો

પુણે, તા. ૩ (પીટીઆઈ) : બે અલગ-અલગ ઘટનાઓમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના કાર્યકરોએ રાજ્યના થાણે અને પુણે જિલ્લામાં વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકોના બે મેનેજરોનો ગ્રાહકો સાથે વાતચીત કરતી વખતે મરાઠીનો ઉપયોગ ન કરવા બદલ મારામારી કરી હતી.

આ ઘટનાઓ બુધવારે થાણેના અંબરનાથ શહેરમાં અને પુણેના લોકપ્રિય હિલ સ્ટેશન લોનાવાલામાં બની હતી અને તેમના વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થયા છે.

લોનાવાલામાં પોલીસે મેનેજર સાથે વાતચીત દરમિયાન બેંક-કર્મચારીને થપ્પડ મારવા બદલ મનસે કાર્યકર સામે બિન-દખલપાત્ર ગુનો નોંધ્યો છે. એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

વીડિયોમાં મનસે કાર્યકર્તાઓ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની લોનાવાલા શાખાના મેનેજર સાથે મરાઠી ભાષાનો ઉપયોગ ન કરવા બદલ દલીલ કરતા અને તેમને સ્થાનિક ભાષામાં વાતચીત કરવાની ચેતવણી આપતા જોવા મળે છે. જ્યારે બેંકનો મરાઠી ભાષી કર્મચારી દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કરે છે ત્યારે કેટલાક પક્ષના કાર્યકરો તેમને થપ્પડ મારતા અને કેબિનમાંથી બહાર ધકેલી દેતા જોવા મળે છે.

લોનાવાલા પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર સુહાસ જગતાપે જણાવ્યું હતું કે, ''અમે બેંક-કર્મચારીને થપ્પડ મારવા બદલ એક એમએનએસ કાર્યકર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. બેંકે પણ ફરિયાદ દાખલ કરી છે અને અમે તપાસ કરી રહ્યા છીએ.

બીજી ઘટના મુંબઈને અડીને આવેલા અંબરનાથ શહેરમાં બનેલી આ ઘટનામાં એમએનએસ કાર્યકરો બેંક ઓફ મહારાષ્ટ્રની શાખામાં ઘૂસી ગયા હતા અને મેનેજર પર આક્રમક રીતે હુમલો કર્યો હતો અને ગ્રાહકો સાથે વાતચીત કરતી વખતે સત્તાવાર રાજ્ય ભાષા મરાઠીનો ઉપયોગ ન કરવાનો આરોપ લગાવ્યો હતો.

પીપીએફ ખાતાઓ માટે નોમિનીના અપડેટ માટે કોઈ ફી વસૂલવામાં આવશે નહીં: નાણા મંત્રી

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ)

નાણા પ્રધાન નિર્મલા સીતારમણે ગુરુવારે જણાવ્યું હતું કે, જાહેર ભવિષ્ય નિધિ (પીપીએફ) ખાતાઓ માટે નોમિનીના અપડેટ અથવા ઉમેરા માટે કોઈ ફી વસૂલવામાં આવશે નહીં. કારણ કે, સરકારે સૂચના દ્વારા જરૂરી ફેરફારો કર્યા છે.

નાણા પ્રધાને તાજેતરમાં એક્સ પર એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, પીપીએફ ખાતાઓમાં નોમિનીની વિગતો અપડેટ/સુધારવા માટે નાણાકીય સંસ્થાઓ દ્વારા ફી વસૂલવામાં આવી રહી છે તેવી માહિતી આપવામાં આવી હતી.

મંત્રીએ કહ્યું કે, પીપીએફ ખાતાઓ માટે નોમિનીના અપડેટ પરના કોઈપણ શુલ્કને દૂર કરવા માટે 2 એપ્રિલ, 2025ના રોજ ગેઝેટ સૂચના દ્વારા સરકારી બચત પ્રમોશન જનરલ નિયમો 2018માં હવે જરૂરી ફેરફારો કરવામાં આવ્યા છે.

ગેઝેટ સૂચના દ્વારા સરકાર દ્વારા સંચાલિત નાની બચત યોજનાઓ માટે નોમિનીના રદ અથવા ફેરફાર માટે 50 રૂપિયાની ફી દૂર કરવામાં આવી છે.

મંત્રીએ કહ્યું કે, ''તાજેતરમાં પસાર થયેલ બેંકિંગ સુધારા બિલ 2025, થાપણદારોનાં નાણાં, સલામત કસ્ટડીમાં રાખેલી વસ્તુઓ અને સલામતી લોકરની ચુકવણી માટે 4 વ્યક્તિઓ સુધીના નામાંકનની મંજૂરી આપે છે.''

ઈપીએફઓએ દાવાની પ્રક્રિયા સરળ બનાવી

કેન્સલ ચેક અપલોડ કરવાની કે નોકરીદાતાઓ દ્વારા બેંક ખાતાની ચકાસણી જરૂરી નથી

નવી દિલ્હી, તા. ૩ (પીટીઆઈ): નિવૃત્તિ ભંડોળ સંસ્થા ઈપીએફઓએ ગુરુવારે જણાવ્યું હતું કે પ્રોવિડન્ટ ફંડમાંથી ઓનલાઈન ઉપાડ માંગતા અરજદારોએ રદ કરાયેલ ચેકની તસવીર અપલોડ કરવાની જરૂર નથી અને તેમના બેંક ખાતાઓ નોકરીદાતાઓ દ્વારા ચકાસવાની જરૂર નથી.

આ પગલાથી લગભગ આઠ કરોડ સભ્યો માટે દાવાની પતાવટ પ્રક્રિયા ઝડપી બનશે અને નોકરીદાતાઓ માટે વ્યવસાય કરવામાં સરળતા સુનિશ્ચિત થશે તેવી અપેક્ષા છે.

હાલમાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઈપીએફઓ)ના સભ્યોએ પીએફ ખાતામાંથી ભંડોળ ઉપાડવા માટે ઓનલાઈન અરજી કરતી વખતે ચેક લીફની તસવીર અથવા યુએએન (યુનિવર્સલ એકાઉન્ટ નંબર) અથવા પીએફ નંબર સાથે સીડ કરેલા બેંક ખાતાની પાસબુકની પ્રમાણિત ફોટો કોપી અપલોડ કરવાની જરૂર છે. નોકરીદાતાઓએ અરજદારના બેંક ખાતાની વિગતોને પણ મંજૂરી આપવી જરૂરી છે.

શ્રમ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઈપીએફઓએ ઓનલાઈન દાવા ફાઈલ કરતી વખતે ચેક લીફ અથવા પ્રમાણિત બેંક પાસબુકની તસવીર અપલોડ કરવાની જરૂરિયાતને સંપૂર્ણપણે દૂર કરી દીધી છે.

ઈપીએફ સભ્યો માટે 'જીવનની સરળતા' અને નોકરીદાતાઓ માટે 'વ્યવસાય કરવાની સરળતા' સુનિશ્ચિત કરવા માટે આ બે પગલાં દૂર કરવામાં આવ્યા છે. આ પગલાં દાવાની પતાવટની પ્રક્રિયાને નોંધપાત્ર રીતે સુવ્યવસ્થિત કરશે અને દાવા અસ્વીકાર સંબંધિત ફરિયાદોમાં ઘટાડો કરશે. એમ નિવેદનમાં જણાવાયું છે.

આ આવશ્યકતાઓને શરૂઆતમાં ચોક્કસ કેવાયસી-અપડેટ થયેલા સભ્યો માટે પાઈલટ ધોરણે છૂટ આપવામાં આવી હતી. 28 મે, 2024ના રોજ પાઈલટ લોન્ચ થયા પછી આ પગલાથી 1.7 કરોડ ઈપીએફ સભ્યોને ફાયદો થયો છે. સફળ પાઈલટ પ્રોજેક્ટને પગલે, ઈપીએફઓ એ હવે આ છૂટ બધા સભ્યોને આપી છે. એમ મંત્રાલયે જણાવ્યું હતું.

ભારત ભારે બોજા સમાન ટેસ્ટિંગ અને સર્ટિફિકેશનના નિયમો લાગુ પાડે છે: વ્હાઈટ હાઉસ

કેમિકલ, ટેલિકોમ પ્રોડક્ટ્સ, મેડિકલ ડિવાઇસીઝ જેવા સેક્ટરોમાં ભારત મોકલાતી વસ્તુઓનું સખત ટેસ્ટિંગ થાય છે જેથી અમેરિકન કંપનીઓ માટે ભારતમાં વેચાણ કરવાનું મોંઘુ અને મુશ્કેલ બને છે

જો આવા બિન-ટેરિફ અવરોધો દૂર કરાય તો અમેરિકી કંપનીઓની નિકાસ વર્ષે ૫.૩ અબજ ડોલર વધી જાય

ન્યૂયોર્ક, વૉશિંગ્ટન, તા. ૩(પીટીઆઈ): ભારત કેટલાક સેકટરો જેવા કે કેમિકલ, ટેલિકોમ પ્રોડક્ટ્સ અને મેડિકલ ડિવાઈસીઝમાં આયાતી થતી વસ્તુઓની ચકાસણી અને પ્રમાણનની અસમાન રીતે બોજા સમાન જરૂરિયાતો લાગુ પાડે છે જેથી અમેરિકન કંપનીઓ માટે તે દેશમાં તેમના ઉત્પાદનો વેચવાનું મોંઘુ બને છે એ મુજબ વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું.

અમેરિકી પ્રમુખ ટ્રમ્પે જે દેશો અમેરિકી વસ્તુઓ પર વેરાઓ લાદે છે તે દેશો સામે વ્યાપક રેસિપ્રોકલ ટેરિફો લાગુ કર્યા તે પછી જારી કરવામાં આવેલ એક ફેક્ટશીટમાં વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે નોન-ટેરિફ અવરોધો પણ અમેરિકન કંપનીઓને વિશ્વના બજારો સુધી પહોંચવામાં અડચણો ઉભી કરે છે. ભારતનું ઉદાહરણ આપતા વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે ભારત કેમિકલ, ટેલિકોમ ઉત્પાદનો અને મેડિકલ સાધનો જેવા ક્ષેત્રોમાં તેની પોતાની અસમાન અને બોજારૂપ ટેસ્ટિંગ, ડુપ્લીકેટ ટેસ્ટિંગ અને સર્ટિફિકેશનની જરૂરિયાતો લાગુ પાડે છે અને તેના કારણે અમેરિકન કંપનીઓ માટે ભારતમાં પોતાની વસ્તુઓ વેચવાનું મુશ્કેલ બને છે. જો આ અવરોધો દૂર કરવામાં આવે તો અમેરિકી નિકાસો વર્ષે ૫.૩ અબજ ડોલર વધી જઈ શકે છે.

વેપાર અસમતુલાની બાબતમાં વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે ટ્રમ્પ અમેરિકી ધંધાઓ અને કામદારો માટે લેવલ પ્લેઈંગ ફિલ્ડ પર કામ કરે છે અને તેઓ અન્ય દેશો દ્વા લાદવામાં આવેલા ગેરવાજબી ટેરિફ અને બિન-ટેરિફ અવરોધો સામે લડી રહ્યા છે.

ભારતમાં 22 લાખ કુશળ ડ્રાઇવરોની અછત છે: મંત્રી ગડકરીએ લોકસભામાં કહ્યું

કેન્દ્રએ ડ્રાઇવરો માટે તાલીમ સંસ્થાઓ સ્થાપવા માટે 4,500 કરોડ રૂપિયાની યોજના શરૂ

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ)

કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે જણાવ્યું હતું કે, દેશમાં 22 લાખ કુશળ ડ્રાઇવરોની અછત છે. મંત્રીએ કહ્યું કે, તેમના માટે યોગ્ય તાલીમ સુવિધાઓનો અભાવ ઘણા અકસ્માતોનું કારણ બની રહ્યો છે.

લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન ગડકરીએ જણાવ્યું હતું કે, કેન્દ્રએ ડ્રાઇવરો માટે તાલીમ સંસ્થાઓ સ્થાપવા માટે 4,500 કરોડ રૂપિયાની યોજના શરૂ કરી છે. વિશ્વ બેંકના અહેવાલ મુજબ, ભારતમાં 22 લાખ ડ્રાઇવરોની અછત છે. એમ મંત્રીએ કહ્યું હતું.

મંત્રીએ કહ્યું કે દેશમાં યોગ્ય ડ્રાઇવિંગ તાલીમ સુવિધાઓનો પણ અભાવ છે, જેના કારણે ઘણા અકસ્માતો અને મૃત્યુ થાય છે.

મંત્રીએ જણાવ્યું હતું કે, માર્ગ પરિવહન અને હાઇવે મંત્રાલય (એમઓઆરટીએચ)એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આવી 1,600 સંસ્થાઓ સ્થાપવા માટે દેશભરમાં ડ્રાઇવિંગ તાલીમ સંસ્થાઓ સ્થાપવા માટે 4,500 કરોડ રૂપિયાની યોજના શરૂ કરી છે. ગડકરીએ કહ્યું કે આનાથી 60 લાખથી વધુ રોજગારીનું સર્જન થશે.

મંત્રીએ કહ્યું કે, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડ્રાઇવિંગ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ (આઈડીટીઆર), રિજનલ ડ્રાઇવિંગ ટ્રેનિંગ સેન્ટર્સ (આરડીટીસી) અને ડ્રાઇવિંગ ટ્રેનિંગ સેન્ટર્સ (ડીટીસી)ની સ્થાપના માટે યોગ્ય દરખાસ્તો મોકલવા વિનંતી કરવામાં આવી હતી, જેમાં ક્લસ્ટર અભિગમનો પણ સમાવેશ થાય છે.મંત્રીએ જણાવ્યું હતું કે, દર વર્ષે લગભગ 1.8 લાખ લોકો માર્ગ અકસ્માતોને કારણે મૃત્યુ પામે છે અને તેમાંથી ઘણા અપ્રશિક્ષિત ડ્રાઇવરોને કારણે થાય છે.

નરેન્દ્ર મોદી 2 દિવસના થાઇલેન્ડ પ્રવાસે, વિશ્વનાં સૌથી યુવા વડાપ્રધાનને મળ્યા

બેંગ્કોક, તા. ૩ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે એટલે કે ગુરુવારે બે દિવસની મુલાકાતે થાઇલેન્ડ પહોંચ્યા છે. અહીં તેમણે થાઇલેન્ડના પીએમ પાઇતોંગ્તાઇ શિનવાત્રા સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી. સૌ પ્રથમ પીએમ મોદીએ 28 માર્ચે આવેલા ભૂકંપમાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પછી તેઓએ ભારત અને થાઇલેન્ડ વચ્ચેના ધાર્મિક અને સાંસ્કૃતિક સંબંધો પર ચર્ચા કરી હતી.

તેમણે કહ્યું કે આપણા સદીઓ જૂના સંબંધો આપણા ઊંડા સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધો સાથે જોડાયેલા છે. બૌદ્ધ ધર્મના પ્રસારે આપણા લોકોને એકસાથે લાવ્યા છે. રામાયણની વાર્તાઓ થાઈ લોકોના જીવનનો એક અભિન્ન ભાગ છે. અગાઉ થાઇલેન્ડની રાજધાની બેંગકોક પહોંચ્યા બાદ પીએમ મોદી એરપોર્ટ પર ભારતીય સમુદાયના લોકોને મળ્યા. આ પછી થાઈ રામાયણનું મંચન જોયું. અહીં રામાયણને રામાકેન કહેવામાં આવે છે.

પીએમ મોદીએ બાદમાં થાઈલેન્ડના પીએમ પાઈતોંગ્તાઈ શિનવાત્રા સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. તે વિશ્વના સૌથી યુવા વડા પ્રધાન છે. તેઓ ફક્ત 38 વર્ષના છે. આ દરમિયાન બંને દેશોના અધિકારીઓએ વેપાર સંબંધો પર ચર્ચા કરી હતી.

પીએમ મોદીએ કહ્યું કે પીએમ શિનવાત્રાએ મને ત્રિપિટક ભેટમાં આપ્યું છે. 'બુદ્ધની ભૂમિ' ભારત વતી, મેં તેને આદરપૂર્વક સ્વીકાર્યું. ગયા વર્ષે ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો ભારતથી થાઇલેન્ડ મોકલવામાં આવ્યા હતા. મને એ જાહેરાત કરતા આનંદ થાય છે કે 1960માં ગુજરાતના અરવલ્લીમાં મળી આવેલા ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો પણ થાઇલેન્ડ મોકલવામાં આવશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતની એક્ટ ઇસ્ટ પોલિસી અને આપણા ઇન્ડો પેસિફિક વિઝનમાં થાઇલેન્ડનું વિશેષ યોગદાન છે. આજે આપણે આપણા સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવાનો નિર્ણય લીધો છે. સુરક્ષા એજન્સીઓ વચ્ચે વ્યૂહાત્મક સંવાદ સ્થાપિત કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાયબર ક્રાઇમના ભારતીય પીડિતોને ભારત પાછા મોકલવામાં મળેલા સહકાર બદલ થાઇલેન્ડ સરકારનો આભાર. અમારી એજન્સી માનવ તસ્કરી અને ગેરકાયદેસર સ્થળાંતર સામે સંયુક્ત રીતે કામ કરશે. ઉત્તર પૂર્વીય રાજ્યો અને થાઇલેન્ડ વચ્ચે પ્રવાસન, સંસ્કૃતિ, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં સહયોગ પર ભાર મૂકવામાં આવ્યો છે.

વકફ સુધારા બિલ અંગે નીતિશ કુમારની પાર્ટીમાં મતભેદ! એક નેતાએ રાજીનામું આપ્યું

નવી દિલ્હી, તા. 3 : ભાજપના સાથી જેડીયુએ વક્ફ સુધારા બિલને સમર્થન આપ્યું છે. પક્ષના આ સમર્થનથી મુસ્લિમ નેતાઓ ગુસ્સે છે. જેડીયુના એમએલસી ગુલામ ગૌસ અને પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ ગુલામ રસૂલ બલિયાવીએ પણ નારાજગી વ્યક્ત કરી છે. આ દરમિયાન પક્ષના નેતા અને વિધાનસભા ચૂંટણીના ઉમેદવાર મોહમ્મદ કાસિમે સીએમ નીતિશ કુમારની પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે.

મોહમ્મદ કાસિમે પોતાનું રાજીનામું જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ અને મુખ્યમંત્રી નીતિશ કુમારને મોકલી દીધું છે. રાજીનામાનું કારણ વક્ફ સુધારા બિલને સમર્થન હોવાનું કહેવાય છે.

જયપુર કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈ-મેઇલ બોગસ

જયપુર, તા.૩(પીટીઆઈ):જયપુર કલેક્ટર કચેરીને ગુરુવારે એક ઈ-મેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી, જે પાછળથી અફવા હોવાનું બહાર આવ્યું હતું. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ડીસીપી પશ્ચિમ અમિત બુધાનિયાએ જણાવ્યું હતું કે, કલેક્ટરના સત્તાવાર ઈમેઈલ આઈડી પર આ ઈ-મેઈલ મળ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને નિષ્ણાત ટીમો દ્વારા બે કલાકથી વધુ સમય સુધી સમગ્ર ઈમારતની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી, પરંતુ કંઈ શંકાસ્પદ મળ્યું ન હતું. એમ પોલીસે જણાવ્યું હતું.કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો મેઈલ ગંભીરતાથી લેતાં વહીવટીતંત્ર અને પોલીસે પરિસર ખાલી કરાવ્યું હતું અને લોકોને પ્રવેશતા અટકાવ્યા હતા.